# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# NEET CANCEL

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ આરોગ્ય શિક્ષણમાં પ્રવેશ માટે ગત ત્રીજી મે-એ લેવાયેલી નીટ એટલે કે, રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં સંસ્થાએ જણાવ્યું, વિદ્યાર્થીઓના હિત અને રાષ્ટ્રીય પરીક્ષા પ્રણાલી પર રહેલા વિશ્વાસને ધ્યાનમાં રાખી આ નિર્ણય કરાયો છે. સંસ્થાએ જણાવ્યું, સરકારે પેપર લિકના કથિત આક્ષેપની સમગ્ર તપાસ માટે આ મામલો કેન્દ્રીય તપાસ સંસ્થા – CBIને સોંપવાનો નિર્ણય કર્યો છે.

(VOICE CAST: ANAND PATHAK)

# CENSUS IN GUJARAT

રાજ્યમાં આગામી પહેલી જૂનથી વસતી ગણતરીના પહેલા તબક્કાનો પ્રારંભ થશે. સત્તાવાર યાદી મુજબ, એકથી 30 જૂન સુધી નિયુક્ત જનગણના અધિકારીઓ ઘરે-ઘરે જઈને માહિતી એકત્રિત કરવાની ઘરયાદીની કામગીરી – HLO હાથ ધરશે. વસતી ગણતરી ફિલ્ડ કાર્ય માટે તૈયાર કરાયેલી ઘરયાદીની મૉબાઈલ ઍપ્લિકેશન – HLO ઍપ્લિકેશન દ્વારા આ કામગીરી કરાશે.

ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા જનગણના કાર્ય અને કાર્યાલયના નિયામક સુજલ જે. મયાત્રાએ કહ્યું, રાજ્યમાં જનગણના કાર્ય નિદેશાલય વસતી ગણતરી 2027ની તૈયારી માટેની પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યું છે. આ વખતે પહેલી વાર નાગરિકોને ભારત સરકાર દ્વારા રજૂ કરાયેલા સ્વ-ગણતરી પૉર્ટલ SE.CENSUS.GOV.IN દ્વારા વસતી ગણતરીમાં ભાગ લેવાની તક મળશે.

**(BYTE : SUJAL MAYATRA)**

# MSN CENSUS PROCESS

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા આગામી પહેલી જૂનથી શહેરના અંદાજે 583 બ્લૉકમાં વસતી ગણતરીની કામગીરી હાથ ધરાશે. આ માટે શહેર વસતી ગણતરી અધિકારી અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ 650 નિરીક્ષકો અને ગણતરીદારોને ત્રણ તબક્કામાં તાલીમ અપાશે.

# CM PATEL NURSE DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે "આંતર-રાષ્ટ્રીય નર્સ દિવસ" નિમિત્તે નર્સિંગ ક્ષેત્ર સાથે જોડાયેલાં તમામ કર્મયોગીઓને શુભકામનાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું, "સેવા પરમો ધર્મ"ના મંત્ર સાથે આપણા નર્સિંગ ભાઈ-બહેનો દર્દીઓની સારવારમાં અવિરત્ કાર્યરત્ રહે છે.

કોરોના મહામારી હોય કે અન્ય કોઈ પણ આપત્તિ નર્સીઝે પોતાના જીવના જોખમે જનતાની સેવા કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાત ગુણવત્તાસભર આરોગ્યની દિશામાં આગળ વધી રહ્યું છે. તેમાં આપ સૌનો પરિશ્રમ અને સેવાભાવ અત્યંત મહત્વનો હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું.

# MSN ACCIDENT

મહેસાણામાં બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થતા બે લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, મોટી દાઉ ગામ નજીક રાજમાર્ગ પર અમદાવાદ જતી બસ અને વડોદરા જતી ટ્રક વચ્ચે અકસ્માત થતા બે લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા. જ્યારે 13 જેટલા ઈજાગ્રસ્ત મુસાફરોને નજીકની હૉસ્પિટલમાં ખસેડાયા. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી.

# STATE TEMPERATURE

હવામાન વિભાગે કચ્છ, સુરેન્દ્રનગર અને સુરતમાં આજે ગરમીનું ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું. કચ્છ અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું.

નવસારીમાં પણ ગત 2 દિવસથી તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચતા લૂ લાગવાની સંભાવનાને જોતા સિવિલ હૉસ્પિટલમાં 30 પથારીનો વૉર્ડ તૈયાર કરાયો છે. લૂની સારવાર માટેની તમામ દવાઓ પણ પૂરતા જથ્થામાં ઉપલબ્ધ છે. તેમજ ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવા હૉસ્પિટલ 24 કલાક અલર્ટ મોડ પર છે.

દરમિયાન હવામાન વિભાગે લોકોને બપોરે 12થી ચાર વાગ્યા સુધી બિનજરૂરી બહાર ન જવા, ગરમીથી બચવા હળવા રંગના કપડાં પહેરવા તેમજ બપોરે બહાર જવાનું થાય તો માથું ઢાંકીને જવાની સલાહ આપી છે. આ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પાણી પીવા પણ અપીલ કરવામાં આવી છે.

]

# PATAN NAGARPALIKA PRAMUKH

પાટણ અને સિદ્ધપુર નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરાવવા આગામી 19 તારીખે ચૂંટણી બેઠક યોજાશે. આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારીએ વિધિવત્ હુકમ બહાર પાડતા બંને નગરપાલિકાના આગામી અઢી વર્ષ માટેના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. આ ચૂંટણી માટે ભાજપ કોને મેન્ડેટ આપશે તે અંગે રાજકીય વર્તુળમાં ચર્ચા ચાલી રહી છે.